# ગ્રામ સેવા સભા – ધરમપુર સંચાલિત વનસેવા મહાવિદ્યાલય ,બીલપુડી

## જુનિયર કારકુન (બિન અનામત) મુખ્ય પરીક્ષા

| ________ ઉમેદવારનો બેઠક નંબર | **પ્રશ્નપુસ્તિકા કોડ A**<br>તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં | ________ ખંડ નિરીક્ષકની સહી |
|---|---|---|

## ઉમેદવાર માટે અગતયની સુચનાઓ

**(૧) ૧ થી ૨૦૦ પ્રશ્નો પુરેપુરા છપાયેલ છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પુરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોઈ (Missing) અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેમનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.**

**(૨) સર્વ પ્રથમ ઉમેદવારે એમની OMR SHEETમાં જે સેટ (A અથવા B અથવા C અથવા D) દર્શાવેલ છે, એ જ સેટનું પ્રશ્નપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી. જો પ્રશ્નપત્રમાં દર્શાવેલ સેટ એમની OMR SHEETમાં દર્શાવેલ સેટ કરતા અલગ હોય તો તુરંત જ ખંડ નિરીક્ષક આ બાબતે ધ્યાન દોરવું અને ખંડ નિરીક્ષક પાસેથી OMR SHEETમાં દર્શાવેલ સેટ મુજબનું પ્રશ્નપત્ર મેળવી લેવું. OMR SHEET અને પ્રશ્નપત્રનો સેટ એકસરખો જ છે, તેની ખાતરી કર્યા બાદ જ OMR SHEET માં જવાબ આપવાનું ચાલુ કરવું**

**(૩) ઉમેદવારે OMR SHEET માં તેમનો બેઠક ક્રમાંક તથા પ્રશ્નપુસ્તિકા કોડ અને પ્રશ્નપુસ્તિકા ક્રમાંક લખવાનો રહેશે. ઉમેદવારે પોસ્ટનું નામ અને પરીક્ષાનો સમય ખરાઈ કરવો, પ્રશ્નપત્ર ક્રમાંક અને OMR SHEET ક્રમાંક સરખા હોવા જરૂરી છે.**

**(૪) આ પ્રશ્નપત્રમાં કુલ ૧૫૦ પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે. પ્રત્યેક પ્રશ્ન ઉત્તર A, B C અને D પૈકી કોઇ એક છે. પ્રશ્નની સાથે જ ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?**

**(A) સુભાષચંદ્ર બોઝ (B) વિનોબા ભાવે**

**(C) મહાત્મા ગાંધી (D) સરદાર પટેલ**

**ઉત્તરપત્ર (OMR SHEET)માં ⓐ ● ⓒ ⓓ ⓔ**

**ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે આથી "B" નું વર્તુળ કાળું/ભૂરું (ENCODE) કરેલ છે.**

**પરીક્ષાર્થી જે સવાલનો જવાબ આપવા માંગતા ના હોય તે સવાલની સામે આપેલ વિકલ્પમાંથી "E" વિકલ્પ ઘાટું કરવું. વિકલ્પ "E" સાથે અન્ય કોઈ જવાબનો વિકલ્પ પણ ઘાટો કરેલ હશે તો જવાબ ખોટો ઠરશે.**

**(૫) પરીક્ષા શરૂ થયેથી પૂર્ણ થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.**

**(૬) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ નિયત જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.**

**(૭) OMR પદ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાક વાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન માઇનસ પધ્ધતિથી કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને OMR ઉત્તરપત્ર વિકલ્પ "E" પર ઘાટું કરશે તો તેના માઇનસ ગુણ કાપવામાં આવશે નહિ.**

**(૮) ઉત્તરપત્ર (OMR SHEET) માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહિ.**

**(૯) ઉત્તરપત્ર (OMR SHEET) માં પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે. અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.**

**(૧૦) ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંને સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે.**

**(૧૧) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.**

**(૧૨) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.**

**(૧૩) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો દર્શાવવાના રહેશે. અન્ય શાહી કે પેન્સિલ તથા સફેદ સહીનો ઉપયોગ કરી શકશે નહિ. તથા સફેદ શાહી (WHITE INK), બ્લેડ કે રબરથી અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહિ.**

**(૧૪) પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર સાથે લઇ જઈ શકશે.**

**(૧૫) મેળવેલ ગુણનું ગણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે: (સાચા જવાબની સંખ્યા X ૧) - [(ખોટા જવાબની સંખ્યા X ૦.૨૫ ) + (છેકછાક કે એક કરતા વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા X ૦.૨૫) + (ખાલી છોડેલ જવાબની સંખ્યા X ૦.૨૫)] = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ.**

**(૧૬) પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેલી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**(૧૭) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.**

## ROUGH WORK

(૧) ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નરને હોદ્દાની શપથ કોણ અપાવે છે?
A) રાજ્યપાલ
B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ
C) અટર્ની જનરલ
D) રાષ્ટ્રપતિ
E) NOT ATTEMPTED

(૨) ભારતના મુખ્ય માહિતી કમિશનર(CIC)નો કાર્યકાળ કેટલો હોય છે?
A) ૩ વર્ષ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી
B) ૫ વર્ષ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી
C) ૬ વર્ષ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી
D) ૪ વર્ષ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી
E) NOT ATTEMPTED

(૩) નીચેનામાંથી કઇ ભારતીય બંધારણની વિશેષતા નથી?
A) ધર્મનિરપેક્ષતા
B) સંસદીય પદ્ધતી
C) રાજતંત્ર
D) મૂળભૂત અધિકારો
E) NOT ATTEMPTED

(૪) નીચેનામાંથી કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા છે?
A) લક્ષદ્વીપ
B) ચંદીગઢ
C) લદ્દાખ
D) પુડુચેરી
E) NOT ATTEMPTED

(૫) નીચેનામાંથી કયું રાજ્ય ૧૯૫૬ પછી બનેલું છે?
A) આસામ
B) પશ્ચિમ બંગાળ
C) રાજસ્થાન
D) હરિયાણા
E) NOT ATTEMPTED

(૬) ભારતીય બંધારણના મૂળભૂત અધિકારો કયા દેશના બંધારણથી પ્રેરિત છે?
A) સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાના
B) આયરલેંડના
C) જાપાનના
D) ફ્રાંસના
E) NOT ATTEMPTED

(૭) કેન્દ્રશાસિત પ્રદેશ માટે નીચેનામાંથી કઇ બાબત સાચી નથી?
A) સંચાલન કેન્દ્ર દ્વારા થાય છે.
B) તેમને સ્વાયત્ત સત્તા પ્રાપ્ત છે.
C) ત્યાંના કારોબારી વડા ઉપરાજપાલ કે વહિવટદાર (એડમિનિસ્ટ્રેટર) હોય છે.
D) વહિવટકર્તા રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે કાર્ય કરે છે.
E) NOT ATTEMPTED

(૮) ભારતીય બંધારણના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાન્તો કયા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યા છે?
A) ઇઝરાઈલ
B) ફ્રાંસ
C) આયરલેંડ
D) આ નવીન વિચાર છે.

E) NOT ATTEMPTED

(૯) ભારતીય બંધારણના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાન્તોનો ઉલ્લેખ કયા અનુચ્છેદમાં છે?
A) અનુચ્છેદ – ૩૬ થી ૫૧
B) અનુચ્છેદ – ૧૧ થી ૩૫
C) અનુચ્છેદ – ૭૯ થી ૮૮
D) અનુચ્છેદ -૧૦૭ થી ૧૧૧
E) NOT ATTEMPTED

(૧૦) નીચેનામાંથી કઇ કમિટી પંચાયતી રાજ સંસ્થા સાથે સંબંધિત નથી?
A) આર. કે. મિશ્રા કમિટી
B) અશોક મહેતા કમિટી
C) જી. વી. કે. રાવ કમિટી
D) એલ. એમ. સિંગવી કમિટી
E) NOT ATTEMPTED

(૧૧) નીચેનામાંથી કઇ સંસ્થા ગેરબંધારણીય અને બિન-વૈધાનિક (Non constitutional & non statutory body) પ્રકારની છે.
A) લોકપાલ
B) કેન્દ્રીય સતર્કતા આયોગ (CVC)
C) CBI
D) CAG
E) NOT ATTEMPTED

(૧૨) નીચેનામાંથી સાચા વિધાનની પસંદગી કરો.
વિધાન-૧ - ભારતીય નાણાંપંચ એ બંધારણીય પ્રકારની સંસ્થા છે.
વિધાન-૨ - રાજ્ય નાણાંપંચ એ બંધારણીય પ્રકારની સંસ્થા નથી.
A) વિધાન-૧ અને વિધાન-૨ બન્ને સાચા છે.
B) વિધાન-૧ અને વિધાન-૨ બન્ને ખોટા છે.
C) માત્ર વિધાન-૧ સાચું છે.
D) માત્ર વિધાન-૨ સાચુ છે.
E) NOT ATTEMPTED

(૧૩) બંધારણના કયા અનુચ્છેદ મુજબ રાષ્ટ્રપતિ દ્વારા એટર્ની જનરલની નિમણૂંક કરવામાં આવે છે?
A) અનુચ્છેદ-૭૬
B) અનુચ્છેદ-૭૭
C) અનુચ્છેદ-૭૮
D) અનુચ્છેદ-૭૯
E) NOT ATTEMPTED

(૧૪) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની બાબતમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
A) લઘુતમ ૩૦ વર્ષની ઉંમર હોવી જોઇએ.
B) હાઇકોર્ટમાં પાંચ વર્ષનો ન્યાયાધીશનો અથવા દશ વર્ષનો વકિલાતનો અનુભવ હોવો જોઇએ.
C) તેમની નિમણૂક કોલેજીય પદ્ધતી દ્વારા કરવામાં આવે છે.
D) રાષ્ટ્રપતિ ગમે ત્યારે તેમને પદ પરથી દૂર કરી શકે છે.
E) NOT ATTEMPTED

(૧૫) ભારતમાં મતદાન માટેની ન્યુનતમ ઉંમર ૨૧ થી ઘટાડીને ૧૮ ક્યારે કરવામાં આવી?
A) ૧૯૮૫ ઇ.
B) ૧૯૮૧ ઇ.
C) ૧૯૮૦ ઇ.
D) ૧૯૮૯ ઇ.
E) NOT ATTEMPTED

(૧૬) ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતા વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?
A) આદર્શ આચાર સંહિતા દરમ્યાન કોઇ પણ ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાય છે.

B) આદર્શ આચાર સંહિતા દરમ્યાન કોઇ પણ લોકલુભાવન યોજનાની જાહેરાત કરી શકાય નહીં.
C) સર્વપ્રથમ કેરળની વિધાનુસભા ચુંટણીમાં આદર્શ આચાર સંહિતા લાગું કરવામાં આવી હતી.
D) મતદાનના ૪૮ કલાક પૂર્વે પ્રચાર કાર્ય પર પ્રતિબંધ કરવામાં આવે છે.
E) NOT ATTEMPTED

(૧૭) લોકસભાના સભ્ય બનવા માટે લઘુતમ ઉંમર કેટલી છે?
A) ૩૦
B) ૨૫
C) ૩૫
D) ૧૮
E) NOT ATTEMPTED

(૧૮) ભારતમાં અત્યાર સુધીમાં કેટલી વખત નાણાકીય કટોકટી જાહેર થઇ છે?
A) ૧ વખત
B) ૨ વખત
C) ૩ વખત
D) ક્યારે પણ નહીં
E) NOT ATTEMPTED

(૧૯) લોકસભાના અધ્યક્ષ પોતાના હોદાનું રાજીનામું કોને આપે છે.
A) રાષ્ટપતિને
B) પ્રધાનમંત્રીને
C) ગૃહમંત્રીને
D) લોકસભાના ઉપાધ્યક્ષને
E) NOT ATTEMPTED

(૨૦) ભારતની લોકસભા ચુંટણીમાં સર્વપ્રથમ NOTA (None of the above)નો ઉપયોગ કેટલામી લોકસભા ચૂંટણી દરમ્યાન થયો હતો?
A) ૧૩મી
B) ૧૪મી
C) ૧૫મી
D) ૧૬મી
E) NOT ATTEMPTED

(૨૧) GSTની અંદર નીચેનામાંથી કયો TEX સમાવિષ્ટ નથી થતો?
A) VAT
B) Octroi
C) Customs Duty
D) Surcharge
E) NOT ATTEMPTED

(૨૨) GSTIN નંબર માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?
A) GSTIN નંબર ૧૫ અંકોનો હોય છે.
B) GSTIN નંબર મેળવવા માટે પાન કાર્ડ જરુરી છે.
C) GSTIN નંબર CBIC દ્વારા ઇસ્યુ કરવામાં આવે છે.
D) GSTINમાં છેલ્લા ચાર નંબર આધારના છેલ્લા નંબર હોય છે.
E) NOT ATTEMPTED

(૨૩) પ્રસિધ્ધ અર્થશાસ્ત્રી અમર્ત્ય સેનને નોબલ પુરસ્કાર ક્યારે મળ્યો હતો?
A) ૧૯૯૮
B) ૧૯૯૯
C) ૧૯૯૭
D) ૧૯૯૬
E) NOT ATTEMPTED

(૨૪) RBIના પ્રથમ ભારતીય ગવર્નર કોણ હતા?

A) ડી. આર. ગાડગીલ
B) પ્રો. રાજકૃષ્ણા
C) સી. ડી. દેશમુખ
D) અમર્ત્ય સેન
E) NOT ATTEMPTED

(૨૫) GDP માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?
A) અર્થતન્ત્રની પ્રગતિ દર્શાવા GDPના આંકડાઓનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે.
B) GDP એ પરિણામલક્ષી તથા માત્રાત્મક ખ્યાલ છે.
C) GDPમાં કાળા બજારની આવકનો સમાવેશ થાય છે.
D) GDPમાં દેશમાં રહેતા બિન-રહેવાસી લોકો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ તથા સેવાઓનું મૂલ્ય ગણવામાં આવે છે.
E) NOT ATTEMPTED

(૨૬) સ્વાતન્ત્ર પૂર્વે રાષ્ટ્રીય આવકનો અંદાજ કોણે લગાવ્યો હતો?
A) દાદાભાઇ નવરોજી
B) આર. સી. દત્ત
C) ફિરોજ શાહ મહેતા
D) સરોજની નાયડુ
E) NOT ATTEMPTED

(૨૭) નીચેના વિધાનો ધ્યાને લો.
વિધાન-૧ – ફુગાવાને નિયંત્રિત કરવા માટે RBIએ રેપો રેટ ઘટાડવો જોઇએ.
વિધાન-૨ – મંદીને પહોંચી વળવા માટે સરકારે પોતાનો ખર્ચ વધારવો જોઇએ.
ઉપરમાંથી કયુ વિધાન/કયા વિધાનો સાચું/સાચાં છે?
A) ફક્ત વિધાન-૧
B) ફક્ત વિધાન-૨
C) બન્ને સાચાં છે
D) બન્ને ખોટા છે
E) NOT ATTEMPTED

(૨૮) નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ભારતનો GDP ગ્રોથ રેટ કેટલો હતો.
A) ૭.૫ %
B) ૭.૭ %
C) ૭.૮%
D) ૭.૬%
E) NOT ATTEMPTED

(૨૯) અર્થશાસ્ત્રમાં સ્ટેરિલાઇઝેસન/જીવાણું નાશક એ ________ સાથે સંકળાયેલા છે.
A) કાળા નાણાં સામે સરકાર દ્વારા કાર્યવાહી.
B) નાણાંનું વિમુદ્રિકરણ.
C) નાણાં વિનિમય દરનું નિયમન.
D) રાજકોષીય ખોટ ઘટાડવાના પગલા.
E) NOT ATTEMPTED

(૩૦) ભારતીય અર્થતંત્ર કયા પ્રકારનું અર્થતન્ત્ર કહી શકાય?
A) મૂડીવાદી અર્થતન્ત્ર
B) સામ્યવાદી અર્થતન્ત્ર
C) રક્ષિત અર્થતન્ત્ર
D) મિશ્ર અર્થતન્ત્ર
E) NOT ATTEMPTED

(૩૧) ગુજરાતના ૨૦૨૬-૨૭ના બજેટમાં આ વર્ષ કયા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે?
A) મહિલા સશક્તિકરણ વર્ષ
B) શહેરી વિકાસ વર્ષ
C) પ્રવાસન વર્ષ
D) નિરોગી વર્ષ

E) NOT ATTEMPTED

(૩૨) વર્ષ ૨૦૨૬-૨૭ના ગુજરાતનાં બજેટમાં સૌથી વધારે શિક્ષણ ક્ષેત્રે નાણાં ફાળવવામાં આવ્યા છે. જે કૂલ બજેટના કેટલા ટકા છે?
A) આસરે ૧૦%
B) આસરે ૭.૨ %
C) આસરે ૮.૨ %
D) આસરે ૧૫.૫ %
E) NOT ATTEMPTED

(૩૩) ભારતની GDPમાં ગુજરાતનો કેટલા ટકા હિસ્સો છે?
A) ૮.૩ %
B) ૩.૮ %
C) ૫.૮ %
D) ૧૨.૭ %
E) NOT ATTEMPTED

(૩૪) NITI આયોગનું પૂરું નામ છે.
A) National Institution for Transfiguration India
B) National Institution for Transforming India
C) New Institution for Transforming India
D) National Index for Transforming India
E) NOT ATTEMPTED

(૩૫) NITI આયોગનું ગઠન કયારે કરવામાં આવ્યું?
A) ૨૦૧૪ માં
B) ૨૦૧૫ માં
C) ૨૦૧૬ માં
D) ૨૦૧૭ માં
E) NOT ATTEMPTED

(૩૬) નીચેનામાંથી NITI આયોગ વિશેનું વિધાન સાચું નથી.
A) NITI આયોગ ફકત સલાહકારી સંસ્થા છે.
B) NITI આયોગના ઉપાધ્યક્ષની નિમણૂંક વડાપ્રધાન કરે છે.
C) NITI આયોગમાં વિષયનિષ્ણાતોને સભ્ય તરીકે નિમવામાં આવે છે.
D) NITI આયોગ યોજનાઓનું અસરકારક અલીકરણ કરાવે છે.
E) NOT ATTEMPTED

(૩૭) ભારતમાં સૌપ્રથમ જળવિદ્યુત ઊર્જા ડેમનું નિર્માણ કયાં થયું હતું?
A) સરદાર સરોવર, ગુજરાત
B) દાર્જલીંગ, પશ્ચિમ બંગાળ
C) ટિહરી, ઉત્તરાખંડ
D) પશ્ચિમ ઘાટ, મહારાષ્ટ્ર
E) NOT ATTEMPTED

(૩૮) નીચેનામાંથી કયું જોડકું સાચું નથી?
A) ભારતમાલા પરીયોજના – સડક/રોડ પરિવહન
B) પ્રોજેક્ટ ઉન્નતી – ટેલિકોમ સેક્ટર
C) UDAN યોજના – નાગરિક ઉડ્ડયન
D) મિશન 41K – રેલવે પરિવહન
E) NOT ATTEMPTED

(૩૯) આર્થિક સર્વેક્ષણ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે?
A) નાણાં સલાહકાર
B) નાણાં પ્રધાન
C) નીતિ આયોગના અધ્યક્ષ

D) નાણાં સચિવ
E) NOT ATTEMPTED

(૪૦) AMRUT યોજના કોની સાથે જોડાયેલી છે?
A) સ્વાસ્થ્ય
B) શિક્ષા
C) ઉદ્યોગ
D) શહરી વિકાસ
E) NOT ATTEMPTED

(૪૧) ભારતમાં તાલીમ માટેની સંસ્થા લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન એકેડમી ઇ. સ. ૧૯૫૯માં ક્યાં સ્થાપવામાં આવી હતી?
A) મસૂરી
B) રાંચી
C) હૈદરાબાદ
D) નવી દિલ્હી
E) NOT ATTEMPTED

(૪૨) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (IIPA)ની સ્થાપના નવી દિલ્હી ખાતે ક્યારે કરવામાં આવી હતી?
A) ૧૯૪૭
B) ૧૯૬૦
C) ૧૯૫૪
D) ૧૯૬૬
E) NOT ATTEMPTED

(૪૩) પ્રથમ વહીવટી સુધારા પંચ (ARC)ના અધ્યક્ષ કોણ હતા?
A) મનમોહન સિંહ
B) વી. પી. સિંહ
C) અટલ બિહારી વાજપેઇ
D) મોરારજી દેસાઇ
E) NOT ATTEMPTED

(૪૪) સાતમાં પગાર પંચના અધ્યક્ષ કોણ હતા?
A) વી. એમ. કૃષ્ણા
B) અશોકકુમાર માથુર
C) યશવંત સિન્હા
D) અરુણ જેટલી
E) NOT ATTEMPTED

(૪૫) ભારતમાં RTIનો કાયદો ક્યારે લાગુ પાડવામાં આવ્યો હતો?
A) ૨૦૦૫
B) ૨૦૦૪
C) ૨૦૦૭
D) ૨૦૦૯
E) NOT ATTEMPTED

(૪૬) સંઘ યાદીમાં સમાવેલ વિષય ઉપર કાયદો કોણ ઘડી શકે છે?
A) કેન્દ્ર સરકાર
B) રાજ્ય સરકાર
C) બન્ને
D) બન્નેમાંથી કોઇ નહીં
E) NOT ATTEMPTED

(૪૭) શિક્ષણનો સમાવેશ બંધારણની કઇ યાદીમાં થાય છે?
A) સંઘ યાદી

B) રાજ્ય યાદી
C) સમવર્તી યાદી
D) એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૪૮) નીચેનામાંથી કયું વિધાન જાહેર વહીવટના મહત્વને દર્શાવે છે?
A) જાહેર વહીવટ એ કોઇ પણ સરકારનો આધાર છે.
B) તે રાજ્યો દ્વારા ઘડાયેલા કાયદાઓ, નીતિઓ અને કાર્યક્રમને લાગુ કરવાનું સાધન છે.
C) ગર્ભ થી કબર (Womb to Tomb) સુધીની પ્રવૃત્તિઓ વહીવટી સંસ્થાઓ દ્વારા નિયંત્રિત કરાય છે.
D) ઉપરોક્ત તમામ
E) NOT ATTEMPTED

(૪૯) જાહેર વહીવટના પિતા કોને કહેવાય છે?
A) ડબલ્યુ. બી. ડોનહામ
B) હેન્રી ફેયોલ
C) વુડ્રો વિલ્સન
D) પીટર ડ્રકર
E) NOT ATTEMPTED

(૫૦) નવીન જાહેર સંચાલનના આંદોલન બાબતે નીચેનામાંથી કઇ જોડ બંધબેસતી નથી?
A) બ્રિટેન-થેચરવાદ
B) અમેરિકા- રિગનોમિક્સ
C) ન્યુઝીલેન્ડ-રોઝરનોમિક્સ
D) ઉપરોકત તમામ સાચા છે
E) NOT ATTEMPTED

(૫૧) નીચેનામાંથી સત્તાનો કયો પ્રકાર મેક્સ વેબરે ગણાવ્યો નથી?
A) પરંપરાગત સત્તા (Traditional Authority)
B) સંમોહક સત્તા (Charismatic Authority)
C) અમલદારશાહી સત્તા (Bureaucracy Authority)
D) કાનુની-તાર્કિક સત્તા ( Legal-rational Authority)
E) NOT ATTEMPTED

(૫૨) ધી રૂલીંગ ક્લાસ પુસ્તક કોનું છે?
A) મેક્સ વેબર
B) કાર્લ માર્ક્સ
C) રોબર્ટ મિશેલ્સ
D) ગાયટાનો મોસ્કા
E) NOT ATTEMPTED

(૫૩) વહીવટી સંસ્થામાં નીચેના સ્તરો પર સત્તાનું વિસ્તરણ એટલે?
A) કેન્દ્રીકરણ
B) વિકેન્દ્રીકરણ
C) નિરીક્ષણ
D) સંકલન
E) NOT ATTEMPTED

(૫૪) એક આદર્શ નેતામાં કયો ગુણ હોવો જરુરી નથી?
A) શક્તિ અને ધૈર્ય
B) નિર્ણયાત્મકતા
C) સમજાવટની શક્તિ
D) સર્વમુખ્તિયારશાહી
E) NOT ATTEMPTED

(૫૫) ભારત જેવા સંસદીય મુખ્ય કરોબારી ધરાવતા દેશ માટે કયું વિધાન સાચું નથી?
A) મુખ્ય કારોબારી વડાપ્રધાન અને પ્રધાનોની બનેલી હોય છે.

B) પ્રધાન મંડળ સંસદને જવાબદાર હોય છે.
C) પ્રધાન મંડળ કાયદો ઘડવામાં સ્વતન્ત્ર હોય છે.
D) વડા પ્રધાન દેશની કેબિનેટના વડા હોય છે.
E) NOT ATTEMPTED

(૫૬) ભારતમાં જાહેર નિગમની રચના કઇ રીતે થાય છે?
A) મંત્રીમંડળના ઠરાવથી
B) રાષ્ટ્રપતિના વટહુકમથી
C) સંસદ અથવા વિધાનસભાના કાયદાથી
D) સુપ્રિમકોર્ટના કાયદાથી
E) NOT ATTEMPTED

(૫૭) વહીવટ માટે તાલીમ શા માટે જરુરી છે?
A) કાર્યક્ષમતામાં વધારો કરવા
B) કૌશલ્ય જ્ઞાન વગેરેમાં વધારો કરવા
C) સંગઠનમાં થતા ફેરફારો સાથે તાલ મેળવવા
D) ઉપરોક્ત તમામ
E) NOT ATTEMPTED

(૫૮) સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય પોલીસ એકેડમી ક્યાં આવેલી છે?
A) મસૂરી
B) હૈદરાબાદ
C) નવી દિલ્હી
D) દાર્જલીંગ
E) NOT ATTEMPTED

(૫૯) કેન્દ્રીય તપાસ પંચ (CBI)ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી?
A) ૧૯૬૧
B) ૧૯૬૨
C) ૧૯૬૩
D) ૧૯૬૪
E) NOT ATTEMPTED

(૬૦) પ્રથમ પગાર પંચના અધ્યક્ષ કોણ હતા?
A) શ્રીનિવાસ વરદાચારિયાર
B) જાગનાથ દાસ
C) રઘૂવીર દયાલ
D) પી. એન. સિંઘલ
E) NOT ATTEMPTED

(૬૧) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ હેઠળ કઇ બાબત શિક્ષાના પ્રકારમાં સામેલ નથી?
A) લેખિત ઠપકો પાઠવવો
B) ફરજ મોકૂફી ઉપર ઉતારવો
C) ફરજીયાત નિવૃત કરવો
D) નોકરીમાંથી રુખસદ આપવી
E) NOT ATTEMPTED

(૬૨) કર્મચારી ફોજદારી તોહમત હેઠળ કેટલા સમય માટે અટકાયત હેઠળ કસ્ટડીમાં રાખવામાં આવેલ હોય તો અટકાયતની તારીખથી ફરજ મોકુફી હેઠળ ગણવાનો થાય?
A) ૨૪ કલાક
B) ૩૬ કલાક
C) ૪૮ કલાક
D) ૬૦ કલાક
E) NOT ATTEMPTED

(૬૩) મોટી શિક્ષાઓ પૈકી મહત્તમ શિક્ષા કઇ છે?
A) બદતરફી
B) રૂખસદ
C) ફરીજીયાત નિવૃત્તિ
D) ગ્રેડમાં નીચે ઉતારવો
E) NOT ATTEMPTED

(૬૪) નીચેનામાંથી કયા સંજોગોમાં કર્મચારીના ધારણાધિકાર જળવાઇ રહે છે?
A) તે જગ્યાની ફરજ બજાવતા હોય ત્યારે
B) બદલી થતાં બદલીની જગ્યાએ હાજર થવાના સમય દરમ્યાન
C) ફરજ મોકુફી દરમ્યાન
D) ઉપરના બધા જ કિસ્સામાં
E) NOT ATTEMPTED

(૬૫) કયા સંજોગોમાં રાજીનામાનો અસ્વીકાર થઇ શકે?
A) સરકારને તેની સેવાની જરૂર હોય
B) કર્મચારી પાસે લેણું બાકી હોય
C) ફરજ મોકૂફી હેઠળ હોય
D) વિકલ્પ (B) અને (C) બન્ને કિસ્સામાં
E) NOT ATTEMPTED

(૬૬) પઘાર અને ભથ્થા કઇ તારીખથી અસરકારક બને?
A) કર્મચારી જે તારીખે ફરજનો હવાલો સંભાળે તે તારીખથી
B) કર્મચારી બપોર પહેલા ફરજનો હવાલો સંભાળે તો તે તારીખથી
C) કર્મચારી બપોર પછી ફરજનો હવાલો સંભાળે તો તે તારીખથી
D) કર્મચારી જે માસમાં ફરજનો હવાલો સંભાળે તે પછીના માસની પહેલી તારીખથી
E) NOT ATTEMPTED

(૬૭) પ્રસૂતી રજા કેટલી મળે?
A) ૧૩૫ દિવસ
B) ૧૮૦ દિવસ
C) ૨૪૦ દિવસ
D) ૩૦૦ દિવસ
E) NOT ATTEMPTED

(૬૮) કર્મચારીએ મુકેલ રજા બાબતે મંજૂર કરનાર અધિકારીને કઇ સત્તા છે?
A) રજા મંજૂર કરવાની
B) રજા નકારવાની
C) રજા પરથી પરત બોલાવવાની
D) ઉપર આપેલ બધી સત્તા છે
E) NOT ATTEMPTED

(૬૯) ફરજ મોકુફી પર મુકવામાં આવેલ કર્મચારીને નિર્વહન ભથ્થુ કેટલું મળે?
A) મૂળપગારના ૫૦ ટકા
B) મૂળપગારના ૭૫ ટકા
C) મૂળપગારના ૨૫ ટકા
D) મૂળપગારના ૬૦ ટકા
E) NOT ATTEMPTED

(૭૦) કયો કર્મચારી રહેમિયત પેન્શનને હકદાર નથી?
A) રુખસદ કરેલ
B) બદતરફ કરેલ
C) ફરજીયાત નિવૃત્ત કરેલ
D) સ્વૈચ્છિક નિવૃત્ત કરેલ
E) NOT ATTEMPTED

(૭૧) ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ "કિશાન સુર્યોદય યોજના"નો ઉદ્દેશ્ય શું છે?
A) સ્માર્ટ મીટર લગાવવા બાબત
B) ખેતી માટે દિવસે વીજળી આપવા બાબત
C) વિજ ચોરી અટકાવવા બાબત
D) સોલાર એનર્જી આપવા બાબત
E) NOT ATTEMPTED

(૭૨) "પ્રધાનમંત્રી કિશાન સન્માન નિધિ યોજના" હેઠળ વાર્ષિક કેટલી રકમ લાભાર્થીને આપવામાં આવે છે?
A) ૫૦૦૦/-
B) ૬૦૦૦/-
C) ૯૦૦૦/-
D) ૧૨૦૦૦/-
E) NOT ATTEMPTED

(૭૩) ગુજરાત સરકાર દ્વારા જહેર કરવામાં આવેલ "પરિક્રમા પથ યોજના"નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?
A) નાગરિકોને તીર્થયાત્રા કરાવવા બાબત
B) સીમાવર્તી વિસ્તારને રોડથી જોડવા બાબત
C) ધાર્મિક સ્થળોને અતિક્રમણમુક્ત કરવા બાબત
D) કૃષિ ક્ષેત્રના સર્વાંગીણ વિકાસ બાબત
E) NOT ATTEMPTED

(૭૪) સમુદ્રી ભરતીના કારણે થતી જમીનની ખારાસ અટકાવવા માટે ગુજરાત સરકાર દ્વારા ચાલુ કરવામાં આવેલ "ભાડભૂત યોજના" કયા જિલ્લામાં કાર્યરત છે?
A) તાપી
B) સુરત
C) વલસાદ
D) ભરૂચ
E) NOT ATTEMPTED

(૭૫) "મેરા બિલ મેરા અધિકાર યોજના" નીચેનામાંથી કઇ બાબત સાથે જોડાયેલ છે?
A) આવકવેરામાં છુટછાટ મેળવવા બાબત
B) વિજબિલમાં મળતી સબસીડી મેળવવા બાબત
C) ગ્રાહકો દ્વારા કરવામાં આવતી ખરીદીના GST બિલ અપલોડ કરવા બાબત
D) ઉપર પૈકી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૭૬) "પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" નીચેનામાંથી કઇ બાબત સાથે સંકળાયેલ છે?
A) ૧૮ પ્રકારના પરંપરાગત વ્યવસાયો સાથે જોડાયેલ કારીગરોના કલ્યાણ માટે
B) ધાર્મિક અનુષ્ઠાનમાં સહાય આપવા માટે
C) વિદેશમાં ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે
D) વિદ્યાર્થીઓને સ્કિલ આધારિત કોર્ષ કરવા સહાય માટે
E) NOT ATTEMPTED

(૭૭) JNNURM યોજનાનો સમયગાળો કયા વર્ષ સુધી હતો?
A) ૨૦૨૧
B) ૨૦૨૨
C) ૨૦૨૩
D) ૨૦૨૪
E) NOT ATTEMPTED

(૭૮) NLM યોજના કયા ક્ષેત્ર સાથે જોડાયેલ છે?
A) કૃષિ
B) પશુપાલન
C) બાંધકામ
D) શ્રમિક
E) NOT ATTEMPTED

(૭૯) પ્રધાનમંત્રી MUDRA યોજનામાં MUDRA એટલે શું?
A) Member of United Development and Research Agency
B) Management Units Development and Research Agency
C) Micro Units Development and Research Agency
D) Micro Units Development and Refinance Agency
E) NOT ATTEMPTED

(૮૦) " PM સૂર્યઘર મફત વીજળી યોજના" હેઠળ અધિકતમ કેટલી સબસીડી મળી શકે છે?
A) ૭૮ હજાર
B) ૧ લાખ
C) ૭૦ હજાર
D) ૭૫ હજાર
E) NOT ATTEMPTED

(૮૧) "જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના" હેઠળ કયા ઉદ્યોગો માટે સહાય મળતી નથી?
A) લોટ કે મસાલા મીલ
B) રિપેરિંગ ગેરેજ
C) કરિયાણાની દુકાન
D) બેકરી
E) NOT ATTEMPTED

(૮૨) "અટલ પેંશન યોજના" માટે નીચેનામાંથી કઇ બાબત સાચી નથી?
A) આ યોજના ધારકના મૃત્યુ પછી તેમાના જીવનસાથીને આજીવન પેંશન મળે છે.
B) આ યોજના દરેક સરકારી કર્મચારીને લેવી ફરજીયાત છે.
C) આ યોજના અંતર્ગત ૧ હજાર થી ૫ હજાર સુધીની ગેરેંટેડ પેંશન મળવા પાત્ર છે.
D) યોજના ધારક અને તેમના જીવન સાથીના મૃત્યુ પછી નિર્ધારિત એકમુસ્ત રકમ તેના વારસદારને મળે છે.
E) NOT ATTEMPTED

(૮૩) "પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના" માટે કેટલું પ્રિમિયમ ચુંકવવું પડે છે?
A) ૬૩૬ રૂ.
B) ૩૬૫ રૂ.
C) ૩૩૦ રૂ.
D) ૪૩૬ રૂ.
E) NOT ATTEMPTED

(૮૪) "મહિલા સ્વાવલંબન યોજના" હેઠળ કેટલા રૂપીયા સુધીની લોન સહાય મળી શકે છે?
A) ૧ લાખ સુધી
B) ૨ લાખ સુધી
C) ૫ લાખ સુધી
D) ૫૦ હજાર સુધી
E) NOT ATTEMPTED

(૮૫) નીચેનામાંથી કઇ યોજના અનુસૂચિત જાતિ સમુદાય માટે જ છે?
A) PM-AJAY
B) PMEGP
C) PMFME
D) ઉપરમાંથી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૮૬) PM-JI-VAN યોજના નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે જોડાયેલ છે?
A) જૈવઈંધણ
B) વીમા
C) બાંધકામ
D) કૃષિ
E) NOT ATTEMPTED

(૮૭) "પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના"નો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો?
A) ૨૦૧૬માં
B) ૨૦૧૭માં
C) ૨૦૧૮માં
D) ૨૦૧૯માં
E) NOT ATTEMPTED

(૮૮) SKY યોજનાનું પુરૂ નામ શું છે?
A) સુર્યશક્તિ કિશાન યોજના
B) સુર્યઘર કિશાન યોજના
C) સુર્યશક્તિ કાર્ય યોજના
D) ઉપરમાંથી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૮૯) SHODH યોજના હેઠળ મહત્તમ કુલ કેટલી આર્થિક સહાય મળવા પાત્ર છે?
A) ૫ લાખ
B) ૪ લાખ
C) ૩ લાખ
D) ૨ લાખ
E) NOT ATTEMPTED

(૯૦) નીચેનામાંથી ઇ-શ્રમ કાર્ડ વિશે કઇ બાબત સાચી છે?
A) આ કાર્ડ હેઠળના વ્યક્તિને અકસ્માત વિમો મળે છે.
B) આ કાર્ડમાં ૧૨ આંકડાનો UAN નંબર હોય છે.
C) ઇ-શ્રમ કાર્ડ આખા ભારત દેશમાં માન્ય છે.
D) ઉપરોકત તમામ
E) NOT ATTEMPTED

(૯૧) પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનામાં શું લાભ મળે છે?
A) સબસીડીનો લાભ
B) પેંશનનો લાભ
C) વિમાનો લાભ
D) ઉપરમાંથી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૯૨) ચિરંજીવી યોજનાનો ઉદ્દેશ્ય શું છે?
A) જન્મ સમયે માતા તથા બાળકનો મૃત્યુદર ઘટાડવો.
B) બાળકને પોષણયુક્ત આહાર આપવો.
C) બીમારીના સમયમાં મફત સારવાર આપવી.
D) ઉપરોકત તમામ
E) NOT ATTEMPTED

(૯૩) અભયમ હેલ્પલાઇન નંબર શું છે?
A) ૧૦૦
B) ૧૯૩૦
C) ૧૮૧
D) ૧૦૧
E) NOT ATTEMPTED

(૯૪) "ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના" હેઠળ કેટલી આર્થિક સહાય આપવામાં આવે છે?
A) માસિક ૧૦૦૦ રૂ.
B) માસિક ૧૨૫૦ રૂ.
C) માસિક ૧૫૦૦ રૂ.
D) માસિક ૧૭૫૦ રૂ.
E) NOT ATTEMPTED

(૯૫) કુંવરભાઇનું મામેરું યોજનામાં પાત્રતા ધરાવતી દિકરીને લગ્ન વખતે કેટલી સહાય મળે છે?
A) ૧૦ હજાર
B) ૧૨ હજાર
C) ૧૫ હજાર
D) ૨૦ હજાર
E) NOT ATTEMPTED

(૯૬) ૨૦૨૭ની વસ્તી ગણતરી આઝાદી પછીની કેટલામી વસ્તી ગણતરી હશે?
A) ૫મી
B) ૬ઠી
C) ૭મી
D) ૮મી
E) NOT ATTEMPTED

(૯૭) ૧૦૮ એમ્બ્યુલેંસ સેવાની શરૂઆત ગુજરાત રાજ્યમાં ક્યારે થઇ હતી?
A) ૨૦૦૬માં
B) ૨૦૦૭માં
C) ૨૦૦૮માં
D) ૨૦૦૯માં
E) NOT ATTEMPTED

(૯૮) ૧૦૮ એમ્બ્યુલેંસ સેવાની શરૂઆત કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું હતુ?
A) આંધ્ર પ્રદેશ
B) ઉત્તરાખંડ
C) ગુજરાત
D) મહારાષ્ટ્ર
E) NOT ATTEMPTED

(૯૯) VISWAS પ્રોજેક્ટ કોની સાથે સંકળાયેલો છે?
A) CCTV સર્વેલેન્સ
B) વૃધ્ધોની સહાય
C) મહિલા સહાય
D) સાઇબર અવેરનેસ
E) NOT ATTEMPTED

(૧૦૦) સૌની યોજનાની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી?
A) ૨૦૧૩-૧૪માં
B) ૨૦૧૫-૧૬માં
C) ૨૦૨૨-૨૩માં
D) ૨૦૨૦-૨૧માં
E) NOT ATTEMPTED

(૧૦૧) આંધ્ર પ્રદેશનું નવું અને કાયમી પાટનગર કયું બન્યુ છે?
A) હૈદરાબાદ
B) સિકન્દરાબાદ
C) વિશાખાપટ્ટનમ
D) અમરાવતી
E) NOT ATTEMPTED

(૧૦૨) ભારતના પ્રથમ ખાનગી નિર્મિત ઓર્બિટર રોકેટનું શું નામકરણ કરવામાં આવ્યું છે?
A) વિક્રમ-૧
B) આર્યભટ્ટ-૧
C) કલામ-૧
D) રમન-૧
E) NOT ATTEMPTED

(૧૦૩) નીચેનામાંથી કઇ સંસ્થાને તાજેતરમાં 'ડીમ્ડ ટૂ બી યુનિવર્સિટી' જાહેર કરવામાં આવી છે?
A) NCTE
B) GCERT
C) NCERT
D) GCSE
E) NOT ATTEMPTED

(૧૦૪) હાલમાં યોજાયેલ ગુજરાત રાજ્યની ઉમરેઠ બેઠકની પેટા ચૂંટણીમાં કોનો વિજય થયો હતો?
A) ભૃગુરાજસિંહ ચૌહાણ
B) હર્ષદભાઇ પરમાર
C) મૌલિક શાહ
D) મહેન્દ્રભાઇ પરમાર
E) NOT ATTEMPTED

(૧૦૫) ૧ મે ૨૦૨૬ના રોજ ગુજરાત સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી?
A) સુરત
B) નવસારી
C) આણંદ
D) ભરૂચ
E) NOT ATTEMPTED

(૧૦૬) ધોલેરા ખાતે ભારતના પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટને SEZ તરીકે અધીસૂચિત કરવામાં આવ્યો છે, આ પ્લાન્ટમાં ટાટા જૂથની કંપની સાથે બીજા કયા દેશની કંપની ભાગીદારીમાં છે?
A) ચીન
B) જાપાન
C) તાઇવાન
D) અમેરિકા
E) NOT ATTEMPTED

(૧૦૭) એશીયાના પ્રથમ 3D પ્રિન્ટેડ માર્સ રેડીયેશન શીલ્ડનું પરિક્ષણ ક્યાં કરવામાં આવ્યું હતું?
A) કચ્છ
B) પોખરણ
C) શ્રીહરીકોટા
D) હૈદરાબાદ
E) NOT ATTEMPTED

(૧૦૮) હાલમાં નર્મદાનું પાણી ૭૨૮ કીમી દૂર રાજસ્થાનના કયા ગામ સુધી પહોંચાડી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી?
A) સુંદરા
B) સજ્જનપુર
C) પોખરણ
D) ટોંક
E) NOT ATTEMPTED

(૧૦૯) PM નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું એ 'ગંગા એક્સપ્રેસ વે' કયા બે જિલ્લાઓને સીધે-સીધા જોડે છે?
A) મેરઠ-ગોરખપુર
B) ગાઝીયાબાદ-લખનઉ
C) મેરઠ-પ્રયાગરાજ
D) ગાઝીયાબાદ- ગોરખપુર
E) NOT ATTEMPTED

(૧૧૦) સંસદમાં વિશેષ સત્રમાં હાલમાં કયા ક્રમનું બંધારણ સુધારા વિધેયક પાસ થઇ શક્યું નહીં?
A) ૧૩૦મું
B) ૧૩૧મું

C) ૧૩૨મું
D) ૧૩૩મુ
E) NOT ATTEMPTED

(૧૧૧) ભારતના પ્રથમ જાહેર ક્વિઅર (LGBTQ+) સાંસદનું બહુમાન કોને મળ્યું છે?
A) મેનકા ગુરુસ્વામી
B) વિક્રમ શેઠ
C) કરણ જોહર
D) માનવેન્દ્રસિંહ
E) NOT ATTEMPTED

(૧૧૨) અશોક લાહિરીએ NITI આયોગના વાઇસ ચેરમેન તરીકે કોનું સ્થાન લીધું?
A) સુમન બેરી
B) ડો. અરવિંદ પનગઢિયા
C) ડો. રાજીવ કુમાર
D) પરમેશ્વર અય્યર
E) NOT ATTEMPTED

(૧૧૩) નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારતનો GDP વૃધ્ધિદર કેટકો અંદાજવામાં આવ્યો છે?
A) ૭.૫%
B) ૬.૯%
C) ૬.૫%
D) ૭.૯%
E) NOT ATTEMPTED

(૧૧૪) ભારતનો પ્રથમ 'કોલ ટુ એમોનિયમ નાઇટ્રેટ' પ્રોજેક્ટ ક્યાં સ્થાપવામાં આવશે?
A) રાણીગંજ, પશ્ચિમ બંગાળ
B) લખનપુર, ઓડીસા
C) ટાટાનગર, ઝારખંડ
D) રાજપારડી, ગુજરાત
E) NOT ATTEMPTED

(૧૧૫) ભારતનો પ્રથમ ખાનગી ગોલ્ડ માઇનિંગ પ્રોજેક્ટ ક્યાં શરુ થશે?
A) કર્નુલ, આંધ્ર પ્રદેશ
B) કોલાર, કર્ણાટક
C) સોહના, હરિયાણા
D) સિંહભૂમ, ઝારખંડ
E) NOT ATTEMPTED

(૧૧૬) વર્ડ હેરિટેજ ડે ક્યારે ઉજવવામાં આવે છે?
A) ૧૮ એપ્રિલ
B) ૧૮ મે
C) ૧૮ જૂન
D) ૧૮ જુલાઇ
E) NOT ATTEMPTED

(૧૧૭) સુપ્રસિધ્ધ પ્લેબેક સિંગર આશા ભોસલેનો જન્મ ક્યાં થયો હતો?
A) સાંગલી, મહારાષ્ટ્ર
B) કોલ્હાપુર, મહારાષ્ટ્ર
C) મુંબઇ, મહારાષ્ટ્ર
D) પુણે, મહારાષ્ટ્ર
E) NOT ATTEMPTED

(૧૧૮) જ્યોતિ રાવ ફુલેનો જન્મદિવસ ક્યારે આવે છે?
A) ૯ એપ્રિલ
B) ૧૦ એપ્રિલ
C) ૧૧ એપ્રિલ

D) ૧૨ એપ્રિલ
E) NOT ATTEMPTED

(૧૧૯) વર્ડ હેરિટેજ સાઇટ કોર્ણાર્કનું સૂર્ય મંદિર ભારતની કેટલા રૂપિયાની ચલણી નોટ ઉપર અંકિત છે?
A) ૧૦ રૂપિયા
B) ૨૦ રૂપિયા
C) ૫૦ રૂપિયા
D) ૧૦૦ રૂપિયા
E) NOT ATTEMPTED

(૧૨૦) હાલમાં એલિફન્ટા ટાપુ ઉપર ખોદકામ દરમ્યાન ૧૫૦૦ વર્ષ જૂનું જલાશય મળી આવ્યું છે, આ ટાપુનું 'એલિફન્ટ' નામકરણ કોણે કર્યું હતું?
A) અંગ્રેજોએ
B) મુગલોએ
C) ફ્રાંસિસિઓએ
D) પોર્ટુગીઝોએ
E) NOT ATTEMPTED

(૧૨૧) વિશ્વની પ્રથમ કાયમી અંડરગ્રાઉન્ડ પરમાણું કચરાની રિપોઝિટરી કયા દેશમાં સ્થપાઇ રહી છે?
A) આયર્લેંડ
B) ફિનલેંડ
C) ન્યુઝીલેંડ
D) ઉપર પૈકી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૧૨૨) ભારતના કયા શહેરમાં દેશની પ્રથમ ઓપન-એક્સેસ ક્વોન્ટમ ટેસ્ટબેડ ઇકોસિસ્ટમ લોંચ કરવામાં આવી છે?
A) બેંગલુરુ
B) ગુરુગ્રામ
C) અમરાવતી
D) હૈદરાબાદ
E) NOT ATTEMPTED

(૧૨૩) ISRO દ્વારા લદ્દાખમાં કયું એનાલોગ મિશન હાથ ધરવામાં આવ્યું હતું?
A) મિશન CHANDRA
B) મિશન SURYA
C) મિશન NETRA
D) મિશન MITRA
E) NOT ATTEMPTED

(૧૨૪) સ્પેસ એક્સ ૨૦૨૮માં મંગળ ગ્રહ પર જે રોવર લોંચ કરશે તેનું નામ શું આપવામાં આવ્યું છે?
A) રોઝાલિન્ડ ફ્રેન્કલિન
B) અલબર્ટ આઇંસ્ટાઇન
C) નિકોલા ટેસ્લા
D) ચાર્લ્સ ડાર્વિન
E) NOT ATTEMPTED

(૧૨૫) ભારતીય નૌસેના દ્વારા કઇ ત્રીજી પરમાણું સંચાલિત બેલેસ્ટિક સબમરિનને સેવામાં સામેલ કરવામાં આવી છે?
A) INS કલવરી
B) INS વિક્રાંત
C) INS ચક્ર
D) INS અરિધમન
E) NOT ATTEMPTED

(૧૨૬) તાજેતરમાં યોજાયેલા F1 રેસ કારની જાપાનીઝ ગ્રાન્ડ પ્રિક્સ-૨૦૨૬માં પ્રથમ સ્થાન મેળવીને વિશ્વનો સૌથી યુવા ડ્રાઇવર કોણ બન્યો?
A) લેન્ડો નોરિસ
B) એન્ડ્રિયા કિમી એન્ટોનેલી
C) ચાર્લ્સ લેક્લર્ક
D) મેક્સ વર્સ્ટાપેન
E) NOT ATTEMPTED

(૧૨૭) વર્ડ આર્ચરી એવાર્ડ-૨૦૨૫માં 'પેરા આર્ચર ઓફ ધ યર-૨૦૨૫' તરીકે કઇ ભારતીય આર્ચરની પસંદગી કરવામાં આવી?
A) જ્યોતિ બાલિયાન
B) સરિતા કુમારી
C) શીતલ દેવી
D) દિપિકા કુમારી
E) NOT ATTEMPTED

(૧૨૮) ઓલ ઇન્ડિયા ટ્રાઇબલ ગેમ્સની પ્રથમ આવૃત્તિનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?
A) છત્તિસગઢ
B) ઝારખંડ
C) મહારાષ્ટ્ર
D) ગુજરાત
E) NOT ATTEMPTED

(૧૨૯) તાજેતરમાં વર્ડકપ રાઇફલ/પિસ્તોલ-૨૦૨૬માં ભારતના મુકેશ નેલાવલ્લી અને પલક ગુલિયાનીએ કયા ઇવેન્ટમાં ગોલ્ડ મેળવ્યો હતો?
A) ૧૦ મીટર એર રાઇફલ
B) ૫૦ મીટર એર પિસ્તોલ
C) ૫૦ મીટર એર રાઇફલ
D) ૧૦ મીટર એર પિસ્તોલ
E) NOT ATTEMPTED

(૧૩૦) અવકાશ વૈજ્ઞાનિક અમિત ક્ષત્રિયએ કયા મિશન માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે?
A) આર્ટેમિસ-II
B) એપોલો
C) ન્યુ હોરાઇઝન્સ
D) વોયેજર
E) NOT ATTEMPTED

(૧૩૧) ખાપરા કોડિયાની ગુફાઓ કયા જિલ્લામાં આવેલી છે?
A) ભરુચ
B) પોરબંદર
C) ભાવનગર
D) જૂનાગઢ
E) NOT ATTEMPTED

(૧૩૨) રાજકોટ જિલ્લામાં આવેલ ખંભાલિડાની ગુફાઓની શોધ કોણે કરી હતી?
A) પી. પી. પંડ્યા
B) એસ. આર રાવ
C) જગતપતિ જોષી
D) ઉપરમાંથી કોઇ નહીં
E) NOT ATTEMPTED

(૧૩૩) સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઉંચાઇ કેટલી છે?
A) ૧૮૦ મીટર
B) ૧૮૭ મીટર
C) ૧૮૨ મીટર

D) ૧૮૫ મીટર
E) NOT ATTEMPTED

(૧૩૪) સહસ્ત્રલિંગ તળાવ અને રાણકીવાવ સ્મારકો કયા વંશની ઓળખ છે?
A) ગુપ્ત વંશ
B) સોલંકી વંશ
C) વાઘેલા વંશ
D) મૌર્ય વંશ
E) NOT ATTEMPTED

(૧૩૫) ઝંડુ ભટ્ટે વનસ્પતિઓના ઔષધીય ઉપયોગ માટે કયો ડુંગર ઇજારે માંગેલો?
A) ગીરનાર
B) બરડો
C) પલિતાણા
D) પાવાગઢ
E) NOT ATTEMPTED

(૧૩૬) ગુજરાતમાં લિગ્નાઇટ કોલસો સૌથી વધુ કયા જિલ્લામાં મળે છે?
A) કચ્છ
B) ભરુચ
C) રાજપિપળા
D) બનાસકાંઠા
E) NOT ATTEMPTED

(૧૩૭) ગુજરાતમાં વહેતી સૌથી લાંબી નદી કઇ છે?
A) નર્મદા
B) સાબરમતી
C) તાપી
D) ભાદર
E) NOT ATTEMPTED

(૧૩૮) ગુજરાતી મહિના પ્રમાણે તરણેતરનો મેળો કયા મહિનામાં ભરાય છે?
A) ભાદરવો
B) શ્રાવણ
C) આસો
D) અષાઢ
E) NOT ATTEMPTED

(૧૩૯) ગુજરાતના સોલંકીયુગના કયા રાજાને 'ગુજરાતનો અશોક' કહેવામાં આવે છે?
A) રાજા મૂળરાજ
B) રાજા જયસિંહ
C) રાજા ભીમદેવ
D) રાજા કુમારપાળ
E) NOT ATTEMPTED

(૧૪૦) નીચેનામાંથી કયા રાજા દ્વારા ચાંપાનેર અને અણહિલપુર પાટણ વસાવવામાં આવ્યું હતું?
A) વનરાજ ચાવડા
B) સિધ્ધરાજ જયસિંહ
C) કુમારપાળ
D) મહમદ બેગડો
E) NOT ATTEMPTED

(૧૪૧) કયા ક્રાંતિકારીએ લંદનમાં 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી હતી?
A) ગાંધીજી
B) સરદાર પટેલ
C) શ્યામજી કૃષ્ણવર્મા

D) સુભાષચંદ્ર બોઝ
E) NOT ATTEMPTED

(૧૪૨) મહાત્મા ગાંધી દ્વારા કયું પુસ્તક તેમની લંદનથી આફ્રિકા સમુદ્રી મુસાફરી દરમ્યાન લખવામાં આવ્યું હતું?
A) હિન્દ સ્વરાજ
B) સત્યના પ્રયોગો
C) મંગલ પ્રભાત
D) અનાશક્તિ યોગ
E) NOT ATTEMPTED

(૧૪૩) 'સ્વરાજ આશ્રમ નીચેનામાંથી કોની સાથે સંકળાયેલ છે?
A) ઇન્દુલાલ યાજ્ઞિક
B) સરદાર વલ્લભભાઇ પટેલ
C) જીવરાજ મહેતા
D) મોરારજી દેસાઇ
E) NOT ATTEMPTED

(૧૪૪) નીચેનામાંથી આર્ય સમાજના સ્થાપક કોણ હતા?
A) સ્વામી વિવેકાનંદ
B) સ્વામી શ્રદ્ધાનંદ
C) સ્વામી દિવ્યાનંદ
D) સ્વામી દયાનંદ
E) NOT ATTEMPTED

(૧૪૫) નીચેનામાંથી કઇ નદી મોઢેરાના સુર્યમંદિરની નજીક વહે છે?
A) વાત્રક
B) પુષ્પાવતી
C) સાબરમતી
D) હિરણ
E) NOT ATTEMPTED

(૧૪૬) જૂનાગઢનું સુદર્શન તળાવ કોણે બંધાવ્યું હતું?
A) પુષ્પગુપ્તે
B) રુદ્રદામને
C) સ્કન્દગુપ્તે
D) સમ્રાટ અશોકે
E) NOT ATTEMPTED

(૧૪૭) પોરબંદરના કીર્તિ મંદિરનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું?
A) મહાત્મા ગાંધી
B) નાનજી કાલિદાસ
C) નરસિંહ મહેતા
D) ઇંદુલાલ યાજ્ઞિક
E) NOT ATTEMPTED

(૧૪૮) આરઝી હુકુમત નીચેનામાંથી કઇ બાબત સાથે જોડાયેલ છે?
A) બૃહદ મુંબઇમાંથી અલગ ગુજરાતની રચના.
B) જુનાગઢના પાકિસ્તાન સાથે જોડાણના વિરોધમાં લડત માટેનું સંગઠન
C) હિન્દ છોડો લડત વખતે ગુજરાતના પ્રતિનિધિત્વ માટે બનાવેલ સંગઠન
D) ઉપર પૈકી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૧૪૯) દાહોદમાં ભીલ સેવા મંડળની સ્થાપના કોણે કરી હતી?
A) અમૃતલાલ વિટ્ઠલદાસ ઠક્કર
B) મોહનદાસ કરમચંદ ગાંધી
C) સરદાર વલ્લભભાઇ પટેલ

D) લાલજીભાઇ ડીંડોડ
E) NOT ATTEMPTED

(૧૫૦) મોતીલાલ અમીન નીચેનામાંથી કઇ પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા?
A) સ્વાતંત્ર્ય સંગ્રામ
B) ચિકિત્સાલય
C) પુસ્તકાલય
D) ઇતિહાસ
E) NOT ATTEMPTED

(૧૫૧) નીચેનામાંથી કઇ કૃતિ કવિ નર્મદની નથી?
A) સીતાહરણ
B) નર્મ કોશ
C) મહાદર્શન
D) ભદ્રં ભદ્રં
E) NOT ATTEMPTED

(૧૫૨) ગુજરાતના કયા કવિનું ઉપનામ 'સ્નેહરશ્મિ' હતું?
A) ઝીણાભાઇ દેસાઇ
B) મનુભાઉ પંચોળી
C) ત્રિભુવનદાસ લુહાર
D) ગૌરીશંકર જોષી
E) NOT ATTEMPTED

(૧૫૩) 'ગુજરાત સાહિત્ય પરિષદ'ની સ્થાપના ક્યારે થઇ હતી?
A) ૧૯૦૪ ઇ.
B) ૧૯૦૫ ઇ.
C) ૧૯૨૩ ઇ.
D) ૧૯૧૦ ઇ.
E) NOT ATTEMPTED

(૧૫૪) નીચેનામાંથી કયા ગુજરાતી કવિને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો નથી?
A) ધ્રુવ ભટ્ટ
B) ઉમાશંકર જોષી
C) રાજેન્દ્ર શાહ
D) રઘુવીર ચૌધરી
E) NOT ATTEMPTED

(૧૫૫) સર્વપ્રથમ ગુજરાતી સમાચાર પત્ર કયું હતું?
A) વીસમી સદી
B) મુંબઇ સમાચાર
C) ગુજરાત મિત્ર
D) નવજીવન
E) NOT ATTEMPTED

(૧૫૬) રેવા ફિલ્મ _________ ગુજરાતી નવલકથાનું રૂપાંતર છે?
A) જનાન્તિકે
B) અમૃતા
C) કાળો અંગ્રેજ
D) તત્વમસિ
E) NOT ATTEMPTED

(૧૫૭) નીચેનામાંથી કઇ ઝવેરચંદ મેઘાણીની કૃતિ છે?
A) રાસાવલી
B) અન્તર્પટ
C) નિશીથ

D) નિરંજન
E) NOT ATTEMPTED

(૧૫૮) નીચેનામાંથી 'પટોળા હસ્તકળા વિશે કયું વિધાન સાચું નથી?
A) સિધ્ધરાજ જયસિંહ મારવાડના પરિવારોને રાજ્યાશ્રય આપીને આની શરૂઆત કરી હતી.
B) પટોળાને બન્ને બાજુથી પહેરી શકાય છે.
C) પટોળાને માત્ર સ્ત્રિઓ દ્વારા જ બનાવમાં આવે છે.
D) પટોળાને GI ટેગ મળેલ છે.
E) NOT ATTEMPTED

(૧૫૯) પ્રથમ ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા'ના દિગ્દર્શક કોણ હતા?
A) નાનુભાઇ વકીલ
B) વી. એન. વ્યાસ
C) મનહર કપુર
D) કાંતિલાલ રાઠોડ
E) NOT ATTEMPTED

(૧૬૦) ગુજરાતી સામયિક 'ચિત્રલેખા'ના સ્થાપક કોણ હતા?
A) મોતીલાલ દરજી
B) નર્મદા શંકર દવે
C) વજુ કોટક
D) અમૃતલાલ શેઠ
E) NOT ATTEMPTED

(૧૬૧) નીચેનામાંથી સાચી જોડણી કઇ છે?
A) મુમુક્ષુ
B) મૂમુક્ષુ
C) મુમૂક્ષુ
D) મૂમૂક્ષૂ
E) NOT ATTEMPTED

(૧૬૨) કયો 'અક્ષ'નો સાચો અર્થ નથી?
A) આંખ
B) રમવાનો પાસો
C) અનંત
D) માળાનો મણકો
E) NOT ATTEMPTED

(૧૬૩) 'પુરંદર'નો સમાનાર્થી શબ્દ _________ છે.
A) ઇન્દ્ર
B) વરુણ
C) યમ
D) વાયુ
E) NOT ATTEMPTED

(૧૬૪) નીચેનામાંથી 'હરિ'નો સમાનાર્થી __________ નથી.
A) વિષ્ણુ
B) વાંદરો
C) ઘોડો
D) મોર
E) NOT ATTEMPTED

(૧૬૫) 'જેવી યોગ્યતા તેવો સત્કાર' આ અર્થને સુસંગત કહેવત કઇ છે?
A) ઉંચે આભ ને નીચે ધરતી
B) છાણાંના દેવને કપાસીયાની આંખ
C) ક્યાં રાજા ભોજ ને ક્યાં ગંગુ તેલી

D) જેવો દેશ તેવો વેશ
E) NOT ATTEMPTED

(૧૬૬) 'નયન' શબ્દનો વિગ્રહ ________ છે?
A) નય + અન
B) નૈ + અન
C) નો + અન
D) ને + અન
E) NOT ATTEMPTED

(૧૬૭) 'હરિણાક્ષી'માં કયો સમાસ છે?
A) તત્પુરુષ
B) કર્મધારય
C) બહુવ્રીહી
D) દ્વન્દ્વ
E) NOT ATTEMPTED

(૧૬૮) 'સકામ'નો વિરુદ્ધાર્થી શું છે?
A) બેકામ
B) નકામ
C) નિષ્કામ
D) અકામ
E) NOT ATTEMPTED

(૧૬૯) 'વ્રીડા'નો અર્થ શું થાય?
A) શરમ
B) ક્રીડા
C) વિરહ
D) વીરતા
E) NOT ATTEMPTED

(૧૭૦) નીચેનામાં કયું અવ્યયીભાવ સમાસનું ઉદાહરણ છે?
A) યથાશક્તિ
B) ચોમાસું
C) અલ્પજ્ઞ
D) જનસેવા
E) NOT ATTEMPTED

(૧૭૧) They enjoy __________ badminton.
A) to play
B) in playing
C) played
D) playing
E) NOT ATTEMPTED

(૧૭૨) You are _________ no compulsion to come.
A) under
B) for
C) by
D) in
E) NOT ATTEMPTED

(૧૭૩) What is the synonym of 'Gratitude'?
A) Jolly
B) Thankfulness
C) Serious

D) Danger
E) NOT ATTEMPTED

(१७४) The synonym of 'Versatile' is ___________
A) Rigid
B) Specialized
C) Limited
D) Adaptable
E) NOT ATTEMPTED

(१७५) By the time the fire department finally arrived, the building ___________ for over an hour.
A) has been burning
B) was burning
C) had been burning
D) burned
E) NOT ATTEMPTED

(१७६) If she ___________ earlier, she wouldn't have missed her flight.
A) arrived
B) would arrived
C) would have arrived
D) had arrived
E) NOT ATTEMPTED

(१७७) What is the opposite of 'Guilt'?
A) Innocence
B) Liability
C) Remorse
D) Regret
E) NOT ATTEMPTED

(१७८) What is the opposite of 'Brutal'?
A) Gentle
B) Savage
C) Intense
D) Harsh
E) NOT ATTEMPTED

(१७९) Pick out the correct one.
A) Dominent
B) Domenat
C) Domeenant
D) Dominant
E) NOT ATTEMPTED

(१८०) Point out which part of the following sentence is not acceptable –
All of them are younger than me.
A) them
B) are
C) than
D) me
E) NOT ATTEMPTED

(૧૮૧) કયા બ્લડ ગ્રુપને સર્વગ્રાહી (Universal Recipients) કહેવામાં આવે છે?
A) A+
B) B+
C) AB+
D) O+
E) NOT ATTEMPTED

(૧૮૨) શરીરની સૌથી નાની ગ્રંથિ કઇ છે?
A) પિચ્યુટરી ગ્રંથિ
B) થાયરોઇડ ગ્રંથિ
C) એડ્રિનલ ગ્રંથિ
D) પિનીયલ ગ્રંથિ
E) NOT ATTEMPTED

(૧૮૩) 'ચા'ના છોડમાંથી કયું તત્વ પ્રાપ્ત થાય છે?
A) ટેનિન
B) મોર્ફિન
C) એસ્પિરિન
D) નિકોટિન
E) NOT ATTEMPTED

(૧૮૪) ક્ષ-કિરણોના શોધક કોણ હતા?
A) રોન્ટજન
B) વિલાર્ડ
C) આઇન્સ્ટાઇન
D) જહોન ડાલ્ટન
E) NOT ATTEMPTED

(૧૮૫) લોખંડમાં કાટ લાગે છે ત્યારે તેના વજનમાં શું ફેરફાર થાય છે?
A) વજન ઘટે છે
B) વજન વધે છે
C) વજનમાં કોઇ ફેરફાર થતો નથી
D) ક્યારેક વધે છે ક્યારેક ઘટે છે
E) NOT ATTEMPTED

(૧૮૬) નીચેનામાંથી તાપમાન માપવાનું સ્કેલ કયું છે?
A) ડેસિબલ
B) કેલ્વિન
C) એમ્પિયર
D) ઉપરમાંથી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૧૮૭) સૌર મંડળનો સૌથી તેજસ્વી ગ્રહ કયો છે?
A) શુક્ર
B) ગુરુ
C) શનિ
D) મંગળ
E) NOT ATTEMPTED

(૧૮૮) સૌર ઉર્જાનો કેટલો ભાગ પૃથ્વી સુધી પહોંચે છે?
A) ૪૬%
B) ૭૩%
C) ૫૦%
D) ૬૬%
E) NOT ATTEMPTED

(૧૮૯) મૃદાવરણમાં ૧ કીમી ઉંડાઇએ જતાં તાપમાનમાં કેટલો વધારો થાય છે?
A) ૩૦ ડીગ્રી સેલ્સિયસ
B) ૪૦ ડીગ્રી સેલ્સિયસ
C) ૫૦ ડીગ્રી સેલ્સિયસ
D) ૬૦ ડીગ્રી સેલ્સિયસ
E) NOT ATTEMPTED

(૧૯૦) જેટ વિમાનો વાયુમંડળના કયા આવરણમાં ઝડપથી ઉડી શકે છે?
A) સમતાપ આવરણ
B) મધ્ય આવરણ
C) ઉષ્મ આવરણ
D) ક્ષોભાવરણ
E) NOT ATTEMPTED

(૧૯૧) પૃથ્વીનું ક્ષેત્ર કે જ્યાં જીવન અસ્તિત્વમાં છે તેને શું કહેવાય છે?
A) બાયોસ્ફિયર
B) આઇનાંસ્ફિયર
C) એક્ઝોસ્ફિયર
D) ટ્રોપોસ્ફિયર
E) NOT ATTEMPTED

(૧૯૨) પર્યાવરણનું સંતુલન બનાવવા માટે કેટલા ટકા વિસ્તારમાં જંગલો હોવા જોઇએ?
A) ૫૩%
B) ૪૩%
C) ૭૩%
D) ૩૩%
E) NOT ATTEMPTED

(૧૯૩) ઓછા સમયમાં વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા માટે કઇ પદ્ધતિનો ઉપયોગ થાય છે?
A) ટિસ્યુ કલ્ચર પદ્ધતિ
B) મિયાવાકી પદ્ધતિ
C) બીજ ઉછેર પદ્ધતિ
D) ઉપરમાંથી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૧૯૪) વર્ષ-૨૦૨૦માં દેશનો પ્રથમ કાર્બન ન્યુટ્રલ જિલ્લો કયો બન્યો?
A) ડાંગ (ગુજરાત)
B) બેલાગામ (મહારાષ્ટ્ર)
C) વાયનાડ (કેરળ)
D) માજુલી (આસામ)
E) NOT ATTEMPTED

(૧૯૫) મંગલયાન મિશનનું સફળ પ્રક્ષેપણ ક્યારે કરવામાં આવ્યું હતું?
A) ૫ નવેમ્બર ૨૦૧૩
B) ૫ ડિસેમ્બર ૨૦૧૩
C) ૫ સપ્ટેમ્બર ૨૦૧૩
D) ૫ ઓક્ટોબર ૨૦૧૩
E) NOT ATTEMPTED

(૧૯૬) બાઇનરી નંબરમાં કયા કયા નંબર હોય છે?
A) ૦ અને ૧
B) ૧ અને ૨
C) ૧ થી ૯
D) ૦ અને ૯
E) NOT ATTEMPTED

(૧૯૭) નીચેનામાંથી ઇનપુટ ડિવાઇઝ નથી?
A) કીબોર્ડ
B) વેબ કેમેરા
C) સ્પીકર
D) ટચ સ્ક્રીન
E) NOT ATTEMPTED

(૧૯૮) IP એડ્રેસમાં IP એટલે શું
A) International Protocol
B) Input Protocol
C) Internal Protocol
D) Internet Protocol
E) NOT ATTEMPTED

(૧૯૯) BIOS નું ફુલ ફોર્મ શું છે?
A) Basic Input Output Security
B) Binary Input Output System
C) Basic Input Output System
D) ઉપરમાંથી એક પણ નહીં
E) NOT ATTEMPTED

(૨૦૦) નીચેનામાંથી કયું સર્ચ એન્જીન નથી?
A) Bing
B) Yahoo
C) Duck Duck Go
D) Orkut
E) NOT ATTEMPTED